પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

તાપમાન
મહત્તમ : ૩૨.૬ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૬ ટકા

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૪૬ | ૧૭ નવેમ્બર, ૨૦૧૬, ગુરૂવાર ; કારતક વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો
8


# સંસદના પ્રારંભે નોટબંધી મામલે હોબાળો

**રાજ્યસભામાં ગરમાગરમ ચર્ચામાં કોંગ્રેસ સહિત વિપક્ષના પ્રહાર : ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટ બંધ કરવાથી ભ્રષ્ટાચારનો અંત આવશે નહીં : સીતારામ યેચુરી, માયાવતી, આનંદ શર્મા, પ્રફુલ પટેલના તીવ્ર પ્રહારો**

નવી દિલ્હી,તા. ૧૬

સંસદનુ શિયાળુ સત્ર આજે ધારણા પ્રમાણે જ તોફાની રીતે શરૂ થયું હતું. પ્રથમ દિવસે જ રાજ્યસભામાં ભારે હોબાળો રહ્યો હતો. કોંગ્રેસના વરિષ્ઠ નેતા આનંદ શર્માએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. જો કે, લોકસભામાં આજે પ્રથમ દિવસે કાર્યવાહી ચાલી ન હતી. આ ગાળા દરમિયાન અવસાન પામેલાઓને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ કામગીરી મોકૂફ કરી દેવામાં આવી હતી. લોકસભામાં પણ નોટ ઉપર પ્રતિબંધનો મુદ્દો આવતીકાલે છવાય જાય તેમ માનવામાં આવે છે. આજે સવારે ધારણા પ્રમાણે જ સંસદનું શિયાળુ સત્ર આક્રમકરીતે શરૂ થયુ હતુ. પ્રથમ દિવસે જ રૂપિયા ૧૦૦૦ અને ૫૦૦ની નોટ પર પ્રતિબંધનો મુદ્દો છવાઈ ગયો હતો. આ મુદ્દે કોંગ્રેસના નેતાઓએ મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. રાજ્યસભામાં કોંગ્રેસી નેતા આનંદ શર્માએ કહ્યુ હતુ કે ગોવામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના ભાષણમાં લાઈનમાં ઉભા રહેલા લોકોની મજાક કરી હતી. જેથી તેમને દેશના લોકોની માફી માંગવી જોઈએ. શર્માએ કહ્યુ હતુ કે તમામ પૂર્વ વડાપ્રધાનોનુ મોદી અપમાન કરી રહ્યા છે. ભારતીય અર્થતંત્ર બ્લેકમની પર ચાલે છે તેવો સંદેશો સમગ્ર વિશ્વમાં ગયો છે. દેશમાં હાલ એવુ વાતાવરણ છે કે પ્રશ્ન કરનારને





● અનુસંધાન પાન-૭ પર

## સુષ્મા સ્વરાજની કિડની ફેઈલ : હાલ સારવાર હેઠળ

નવી દિલ્હી,તા. ૧૬

સંસદનુ શિયાળુ સત્ર આજથી શરૂ થયુ છે. સંસદ સત્ર શરૂ થતા પહેલા વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજની તબિયત ખરાબ થઈ ગઈ છે. પ્રાપ્ત હેવાલ મુજબ સુષ્મા સ્વરાજની કિડની ફેઈલ થઈ ગઈ છે. એમ્સમાં હાલમાં ડાયાલિસીસ પર હોવાના હેવાલ મળ્યા છે. આ માહિતી પોતે સુષ્મા સ્વરાજે આપી છે. સુષ્મા સ્વરાજે કહ્યુ છે કે કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવનાર છે. જેના માટે હાલમાં તમામ પ્રકારના જરૂરી ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે.

## નોટબંધી સામે મમતા બેનર્જીના નેતૃત્વમાં માર્ચ

**માર્ગોથી લઇને સંસદ સુધી નોટ પર પ્રતિબંધનો મુદ્દો છવાયો : રાષ્ટ્રપતિને મળીને મમતાના નેતૃત્વમાં વિરોધ પક્ષોએ રજૂઆત કરી : વિવાદનો ઉકેલ લાવવા અપીલ**



નવી દિલ્હી,તા. ૧૬

રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ શિયાળુ સત્રના પ્રથમ દિવસે માર્ગોથી લઈને સંસદ સુધી આ મામલો ગુંજી ઉઠ્યો હતો. એકબાજુ રાજ્યસભામાં વિરોધ પક્ષે સરકારને ભીંસમાં લેવાના પ્રયાસો કર્યા હતા. વિરોધ પક્ષો એકમત દેખાયા હ તા. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના નેતૃત્વમાં નોટ ઉપર પ્રતિબંધના વિરોધમાં રાષ્ટ્રપતિ ભવન સુધી માર્ચ યોજવામાં આવી હતી. રાષ્ટ્રપતિ ભવનમાં પહોંચીને પ્રણવ મુખર્જી સાથે મુલાકાત કરવામાં આવી હતી અને તેમને આવેદનપત્ર સોંપવામાં આવ્યું હતું. વિપક્ષના આ માર્ચમાં આમ આદમી પાર્ટીના સાંસદ ભગવંત વાન પણ સામેલ થયા હતા. જો કે, પાર્ટીના વડા અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ

● અનુસંધાન પાન-૭ પર

# બેંક-એટીએમ પર લાઈનો યથાવત

**હજુ સ્થિતિ સામાન્ય બનવામાં બે ત્રણ દિવસ લાગે તેવા સંકેત : સ્થિતિને હળવી કરવા માટે યુદ્ધના ધોરણે પગલા લેવાનો દોર જારી**

નવીદિલ્હી,તા. ૧૬

આઠમી નવેમ્બરના દિવસે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદથી સ્થિતીને હળવી કરવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવા છતાં આ પગલા બિન અસરકારક દેખાઈ રહ્યા છે. આજે સતત આઠમાં દિવસે પણ યથાવત સ્થિતી રહી હતી. બેંકો અને એટીએમ પર લાંબી લાઈનો જોવા મળી હતી. સવારમાંજ લોકો બેંકોની બહાર લાઈન લગાવીને ગોઠવાઈ ગયા હતા. ગયા મંગળવારના દિવસે પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ સ્થિતીને હળવી કરવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવા છતાં હજુ સ્થિતીમાં સુધારો થઈ રહ્યો નથી. આજે સવારે પણ તમામ જગ્યાએ લાંબી લાઈનો જોવા મળી રહી હતી. સરકાર દ્વારા યુદ્ધ સ્તર પર પગલા લેવામાં આવી રહ્યા છે. હેલિકોપ્ટરની સેવા પણ લેવામાં આવી રહી છે. જેથી સ્થિતી ટુંકમાં હળવી બને તેવી શક્યતા છે. શુક્રવારથી સંપૂર્ણપણે કામ કરતા ઘણા એટીએમ હજુ બંધ સ્થિતિમાં છે અને હજુ વધુ દિવસ

● અનુસંધાન પાન-૭ પર



## ગુજરાતી તખ્તાના જાણીતા કલાકાર મુકેશ રાવલનું નિધન

**કાંદીવલી રેલવે સ્ટેશન પાસે મૃતદેહ મળી આવતા અનેક તર્ક-વિતર્ક : અમે તને અને રતનિયો જેવા નાટકમાં તથા રામાયણમાં વિભિષણનો અભિનય કરનાર મુકેશ રાવલનું અવસાન**

અમદાવાદ,તા. ૧૬

ગુજરાતી નાટ્ય અને ફિલ્મ અભિનેતા મુકેશ રાવલનું આજે સવારે ટ્રેન અકસ્માતમાં મૃત્યુ થયું



છે. તેમના સંબંધીએ આજે આ અંગેની માહિતી આપી હતી. આગામી ગુજરાતી ફિલ્મના ડબિંગ માટે ૬૫ વર્ષીય મુકેશ રાવલ મુસાફરી કરી રહ્યા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. મુંબઈના રેલવે ટ્રેક ઉપર તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. ટ્રેન અકસ્માતમાં તેમનું મૃત્યુ થયું હોવાના અહેવાલ મળી રહ્યા છે. રાવલના સગાસંબંધીઓનું કહેવું છે કે, અંતિમ સંસ્કાર માટે તેમના મૃતદેહને હજુ આપવામાં આવ્યો નથી. રાવલના અવસાનના સમાચાર ફેલાતાની સાથે જ કેટલાક મિડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, આ આત્મહત્યાનો કેસ છે. કારણ કે તેમનો મૃતદેહ રેલવે ટ્રેક ઉપર મળ્યો હતો. જો કે, તેમના સંબંધીએ આ અહેવાલને રદિયો આપ્યો છે. રાવલે અનેક બોલીવુડ ફિલ્મો પણ ભૂમિકા ભજવી હતી જેમાં જીદ, સટ્ટા, ઔઝાર, કસકનો સમાવેશ થાય છે. વર્ષો પહેલા ટેલિવિઝનની દુનિયામાં રેકોર્ડ સફળતા મેળવનાર રામાનંદ સાગરની રામાયણમાં મુકેશ રાવલે વિભીષણની યાદગાર ભૂમિકા ભજવી હતી અને રાવલ વિભીષણ તરીકે જાણીતા બની ગયા હતા. તેઓએ ૨૦૧૪માં છેલ્લી ગુજરાતી ફિલ્મ સાથીઓ ચાલો ખોડલધામમાં નજરે પડ્યા હતા. બોલ બેબી બોલ, બિન્દાસ બોલ જેવા નાટકમાં પણ ભૂમિકા ભજવી હતી.

મુકેશે ગુજરાતી સુપરહિટ સ્ટેજ નાટક અમે તને અને રતનિયોમાં પણ યાદગાર ભૂમિકા ભજવી હતી. આ ઉપરાંત અન્ય લોકપ્રિય ટીવી સિરિયલ જેમાં રાવલે ભૂમિકા ભજવી હતી જેમાં બાલાજી ટેલિફિલ્મની કોઈ અપના શા, હસરતે અને ઈમેજિંગ ટીવીના બિંદ બનૂગા ઘોડી ચઢૂંગામાં પણ ભૂમિકા ભજવી હતી. મુકેશ રાવલના પત્નિ સાથે થયેલી વાતચીતમાં જાણવા મળ્યું છે કે તેઓ બેંકમાં પૈસા ઉપાડવા માટે કાંદીવલીથી ઘાટકોપર જઈ રહ્યા હતા.


On the Occasion of MARRIAGE,
Hastashilpi presents pure & probable silk at
હસ્તશિલ્પી
સિલ્કઇન્ડિયા™ 2016
Opening Tomorrow
10 Days Only
Exhibition cum sale of pure silk products across the country
Be taught about India's dazzling pure and probable silks of Tassar, Eri, Mulberry & Muga Silk products, showcase purest silk goods by endorsed Silk Retailers, Manufacturers and Exporters of India.
Fortune Inn Haveli Imperial Hall
(Above Radhe Sweets), Sector - 11, Gandhinagar
From 18th to 27th Nov. 2016
Time 10.30 am to 8.30 pm
પ્રદર્શિત થનારા ઉત્પાદનો :
બિહાર : ઓર્ગેનિક ટેસારી સિલ્ક સાડીઓ, સૂટ અને સ્ટોલ્સ,
કર્ણાટક : ક્રિપ સિલ્ક, જોર્જિયેટ સિલ્ક, એરિની સિલ્ક અને પ્રિન્ટેડ સાડીઓ,
તામિલનાડુ : કાંજિવરમ્ સિલ્ક સાડીઓ અને ડિઝાઇનર ફેન્સી સાડીઓ,
આંધ્ર પ્રદેશ : ધર્મવરા, ઉપ્પડા, ગઢવાલ, મંગલગીરી અને પોચમપલ્લી સાડીઓ,
ઉત્તર પ્રદેશ : મલબારી સિલ્ક, જામદની, જામવર સિલ્ક સાડીઓ અને શિફોન સિલ્ક,
મહારાષ્ટ્ર : ડિઝાઇનર ડ્રેસ મટિરીયલ્સ,
પંજાબ : પટિયાલા ડ્રેસ મટિરીયલ્સ,
ઓરિસ્સા : સંબલપુરી, ઇક્કત, બોમકાઈ સાડીઓ, હેન્ડલૂમ સિલ્ક કોટન,
છત્તીસગઢ : વિશિષ્ટ રૉ સિલ્ક સાડીઓ, કોસા સિલ્ક, ટેસ્સાર સૂટ અને દુપટ્ટા,
મધ્ય પ્રદેશ : મહેશ્વરી, ચંદેરી સિલ્ક સાડીઓ અને સૂટ,
પશ્ચિમ બંગાળ : બાલુચરી, ઢાકા મસલી, ગિચા સાડીઓ, બૂટિક સાડીઓ, કન્થા સાડીઓ, ઝરદોશી,
આસામ : મુગા અને એરી સિલ્ક સાડીઓ,
જમ્મુ-કાશ્મીર : ચનોન સિલ્ક, ટેબી સિલ્ક પ્રિન્ટેડ સાડીઓ, પશ્મીના શાલ અને સૂટ,
રાજસ્થાન : કોટા સિલ્ક, હેન્ડ બ્લૉક પ્રિન્ટ ડ્રેસ અને સાડી,
ગુજરાત : બાંધણી ડ્રેસ અને કૂર્તા અને બીજું ઘણું બધું...
Exclusive Wedding Collections
All Credit & Debit Cards Accepted
Contact : +91 - 85534 16929 | +91 - 97560 25995
Organised by : hastashilpi






Associated Stores in Gandhinagar
Sector - 11, Contact No. - +91 79 2324 9596
Sector-21, Contact No. - +91 79 2323 4840
Sector-29, Contact No. - +91 79 2322 1689
Raisan, Contact No. - +91 92280 02290
Sweets | Namkeen | Snacks
Bakery | Dryfruits | Chocolate
E : talk2us@premnimithaas.com
us on facebook.com/radhesweetsofficial
Keshavam Party Plot & Radhe Caterers : +91 98254 50111, +91 99099 55655



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225



VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
D'DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR
09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR
09462597151, 09414119651





ભાવભીની શ્રધ્ધાંજલિ
ગાંધીનગર જિલ્લાના સહકારી મોભી.
સ્વ. શ્રી મનુભા રાણા ના દુઃખદ અવસાન થતાં ગાંધીનગર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી, ઘેરા શોકની લાગણી અનુભવે છે.
સ્વ. મનુભા એફ. રાણા
મું. ધણપ, તા. જી. ગાંધીનગર
ગાંધીનગર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.
સુરેશભાઈ પટેલ ચેરમેન | નિરંજનકુમાર બિહોલા વા. ચેરમેન | લલિતકુમાર પટેલ માનદમંત્રી | મણીભાઈ પટેલ મેનેજર
બોર્ડ ઓફ ડિરેક્ટર
રમણભાઈ પટેલ, શંકરભાઈ બારોટ, લાલભાઈ પટેલ | રણછોડભાઈ પટેલ, સોમાભાઈ પટેલ, પ્રવિણભાઈ પટેલ | મહોતજી ઠાકોર, બળદેવભાઈ પટેલ, હરજીભાઈ રાયકા | લલિતભાઈ પટેલ, જીતેન્દ્રકુમાર પટેલ, લાલુસિંહ રાઠોડ | ધનેન્દ્રભાઈ પટેલ, અમૃતજી ઠાકોર, જીલ્લા રજીસ્ટ્રારશ્રી, ગાંધીનગર